તાપમાન
મહત્તમ : ૩૩.૦ ડીગ્રી
લઘુતમ : ૧૩.૫ ડીગ્રી
ભેજ
સવારે ૬૩ ટકા ● સાંજે ૩૬ ટકા

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૨૫૭ | ૨૮ નવેમ્બર, ૨૦૧૬, સોમવાર ; કારતક વદ - ૧૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

ગેરન્ટેડ ગિફ્ટ કુપન
અહીંથી કાપો
19

# પંજાબમાં ત્રાસવાદી છોડાવવા જેલ પર હુમલો

**એક ત્રાસવાદી સહિત છ ફરાર : ખાલિસ્તાન લિબ્રેશન ફોર્સનો ત્રાસવાદી ફરાર : સવારે ૧૦ વાગે નાભા જેલ ઉપર હુમલો કરીને અંધાધૂંધ ગોળીબાર : ફરાર કેદીની માહિતી આપનારને ૨૫ લાખનું ઈનામ જાહેર કરાયું**






નવીદિલ્હી,તા. ૨૭

પંજાબમાં અતિ સુરક્ષા વ્યવસ્થા ધરાવનાર નાભા જેલમાં આજે મોટો હુમલો કરવામાં આવ્યો હતો. ૧૦ હથિયારબંધ અપરાધીઓએ જેલ પર હુમલો કરીને ખાલિસ્તાન લિબ્રેશન ફોર્સના એક આતંકવાદી સહિત છ અપરાધીઓને છોડાવી લીધા હતા.

ફરાર થયેલા ત્રાસવાદીનું નામ હરમિન્દરસિંહ મિન્ટુ છે. મળેલી માહિતી મુજબ આજે સવારે પોલીસના વસ્ત્રોમાં આવેલા અપરાધીઓએ નાભા જેલમાં આશરે ૧૦૦ જેટલા રાઉન્ડ ગોળીબાર કર્યો હતો. અંધાધૂંધ ગોળીબારની ઘટના બન્યા બાદ ખળભળાટ મચી ગયો હતો. આ બનાવ સવારે ૧૦ વાગ્યાની આસપાસ બનતા ચકચાર

● અનુસંધાન પાન-૭ પર

## મમતાએ મન કી બાતને મોદીની વાત ગણાવી

નવીદિલ્હી,તા. ૨૭

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી અને અન્ય રાજકીય પક્ષોના નેતાઓ વડાપ્રધાન નરેન્દ્ર મોદી ઉપર ટાર્ગેટ કરી રહ્યા છે. મમતા બેનર્જીએ આજે રેડિયો ઉપર વડાપ્રધાનના મન કી બાત કાર્યક્રમને લઈને પ્રહાર કર્યા હતા. તેમણે કહ્યું હતું કે, મન કી બાત કાર્યક્રમ સરકારી વ્યવસ્થાનો દુરુપયોગ છે. તેમણે કહ્યું હતું કે, મન કી બાત કાર્યક્રમ હવે મોદી કી બાત કાર્યક્રમ તરીકે છે. મમતાએ કહ્યું હતું કે, મોદીએ ભારતીય વ્યવસ્થાને ખતમ કરી દીધી છે.

## ગોવા દેશનું સૌ પ્રથમ કેશલેસ રાજ્ય બનશે

**વડાપ્રધાન મોદીનું સ્વપ્ન પૂર્ણ કરનાર પ્રથમ રાજ્ય કેશલેસ રાજ્ય બનાવવાની યોજના પર કામ જારી ખરીદી કરવાની સ્થિતિમાં પૈસા ગ્રાહકોના બેંકના ખાતાથી કપાશે**



પણજી,તા. ૨૭

ગોવા ૩૧મી ડિસેમ્બરથી દેશમાં પ્રથમ કેશલેસ રાજ્ય બની જશે. એવી શક્યતા છે કે, ૩૧મી ડિસેમ્બર બાદ ગોવાના લોકો ફીસ, શાકભાજી અને બીજી જીવનજરૂરી ચીજવસ્તુઓની ખરીદી પોતાના મોબાઈલ મારફતે જ કરી શકશે. નોટબંધી અમલી કરવામાં આવ્યા બાદથી સમગ્ર દેશમાં કેશલેસ ઈકોનોમીને લઈને ચર્ચા ચાલી રહી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી પોતે પણ મોબાઈલને જ પોતાની બેંક બનાવી લેવા માટે અપીલ કરી ચુક્યા છે. આવી સ્થિતિમાં ગોવાના આ પગલાને ખુબ જ મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. કેશલેસ રાજ્ય બનાવવાની યોજના પર હાલમાં ખુબ જ

● અનુસંધાન પાન-૭ પર

# રવિવારે એટીએમ ખાલીખમ રહેતા ભારે હાલાકી




**સવારથી બેંકો-એટીએમની બહાર લોકો લાઈનો લગાવી રૂપિયા મેળવવા ઉભા રહી જશે :આજે અફડાતફડી રહેશે**

અમદાવાદ, તા. ૨૭

રુપિયા ૫૦૦ અને ૧૦૦૦ની ચલણીનોટ રદ થયાના ૧૯મા દિવસે આજે અમદાવાદ શહેરના મોટાભાગના એટલે કે પચાસ ટકા એટીએમ કેશના અભાવે બંધ રહેવા પામતા એક તરફ બેંકોમાં શનિ અને રવિવારની રજા અને ઉપરથી મોટાભાગના એટીએમ પણ કેશના અભાવે બંધ રહેલા જોવા મળતા લોકોની વીકએન્ડ માણવાની ઈચ્છા રૂપિયાના અભાવે નિરસતામાં પલટાયેલી જોવા મળી હતી.આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર,૮મી નવેંબરના દિવસથી દેશના ચલણમાંથી રૂપિયા ૫૦૦ અને ૧૦૦૦ના દરની નોટ રદ કરવામાં આવ્યા બાદ લોકોની હાલાકી ઘટવાને બદલે સતત વધી રહી છે.તમામ એટીએમમાં કેશ નંખાઈ જશે અને લોકોને રૂપિયા મળતા થઈ જશે એવી સરકારની પોકળ જાહેરાતની વચ્ચે આજની પરિસ્થિતિમાં અમદાવાદ

● અનુસંધાન પાન-૭ પર

# ટાઈમ પર્સન ઓફ ધ યરની દોડમાં મોદી મોખરે

**પુટિન, ટ્રમ્પ, ઓબામા મોદીની પાછળ રહ્યા : વિશ્વના તમામ દિગ્ગજોને હજુ સુધી પછડાટ આપી : ૪ ડિસેમ્બર સુધી આ પ્રક્રિયા ચાલ્યા બાદ જાહેરાત કરાશે**

નવીદિલ્હી,તા. ૨૭

દુનિયાના પ્રતિષ્ઠિત ટાઈમ દર વર્ષની જેમ જ આ વર્ષે પણ પોતાના પર્સન ઓફ દ યર એવોર્ડ માટે સર્વે કરાવી રહ્યું છે. તેની વેબસાઈટના નવા આંકડા મુજબ આ પોલમાં ભારતીય વડાપ્રધાન નરેન્દ્ર મોદી સૌથી આગળ દેખાઈ રહ્યા છે. મોદી આ સ્પર્ધામાં તમામ દિગ્ગજોને પાછળ છોડી ચુક્યા છે. હજુ



સુધીના પોલમાં રશિયન પ્રમુખ વ્લાદીમીર પુતિન, અમેરિકાના ચૂંટાયેલા પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ, વિકિલિક્સના સ્થાપક જુલિયન અસાંજે અને અમેરિકાના પ્રમુખ બરાક ઓબામાને પાછળ છોડી ચુક્યા છે. એમ માનવામાં આવે છે કે, નોટબંધીનો નિર્ણય કર્યા બાદ મોદીની વૈશ્વિક લોકપ્રિયતામાં રેકોર્ડ વધારો થયો છે. નવેમ્બર મહિનાની શરૂઆતમાં થયેલા આ પોલમાં મોદી પાછળ ચાલી રહ્યા હતા પરંતુ હવે મોદી વિશ્વના દિગ્ગજ લીડરોથી આગળ નિકળી ચુક્યા છે. મોદીને પોલમાં ૧૧ ટકા મત જ્યારે અસાંજેને નવ ટકા મત મળ્યા છે. ડોનાલ્ડ ટ્રમ્પ અને પુટિન ૮-૮ ટકા મત સાથે છે. જ્યારે બરાક ઓબામા અને ઉત્તર કોરિયાના સરમુખ્ત્યાર કિંગ જોંગને એક એક ટકા મત મળ્યા છે. હંમેશની જેમ જ આ વખતે પણ ટાઈમ પર્સન ઓફ દ યર અંગે નિર્ણય મેગેઝિનના એડિટરો દ્વારા કરવામાં આવશે. રીડર્સ ચોઈસની પ્રક્રિયા ચોથી ડિસેમ્બર સુધી ચાલશે. ત્યારબાદ એવોર્ડની જાહેરાત કરવામાં આવશે. બીજી બાજુ ચીનના સરકારી અખબાર ગ્લોબલ ટાઈમ્સે પણ મોદીના નોટબંધીના નિર્ણયની પ્રશંસા કરી છે અને કહ્યું છે કે, આ નિર્ણય ખુબ જ સાહસી છે. ચીનને મોદી પાસેથી ઘણી બધી બાબતો સીખવાની જરૂર છે. અખબારનું કહેવું છે કે, આ નિર્ણય ભ્રષ્ટાચારને રોકવામાં નિર્ણાયક સાબિત થશે.

# સાત દાયકાની લૂંટ ખુલ્લી પાડીશ : મોદી

**ઉત્તર પ્રદેશના કુશીનગરમાં પરિવર્તન રેલીમાં વિપક્ષ પર પ્રહાર : મોબાઈલથી ડિજિટલ કરન્સીને પ્રોત્સાહન આપવા અપીલ : અમે ભ્રષ્ટાચારના રસ્તાને બંધ કરી રહ્યા છીએ ત્યારે વિરોધ પક્ષો ભારત બંધ કરવામાં વ્યસ્ત**



કુશીનગર, તા. ૨૭

૨૮મી નવેમ્બરના દિવસે નોટબંધીની સામે વિપક્ષના આક્રોશ દિવસને લઈને આજે વડાપ્રધાન મોદીએ આક્રમક પ્રહારો કર્યા હતા. ઉત્તરપ્રદેશના કુશીનગરમાં આયોજિત ભાજપની પરિવર્તન રેલીને સંબોધતા મોદીએ કહ્યું હતું કે, સરકાર એકબાજુ ભ્રષ્ટાચારના રસ્તાને બંધ કરવામાં લાગેલી છે ત્યારે વિરોધ પક્ષો ભારત બંધ કરવામાં લાગેલા છે. તેમણે કહ્યું હતું કે, ૭૦ વર્ષમાં જે લૂંટ ચલાવવામાં આવી છે તે ચીજવસ્તુઓને હવે બહાર કાઢવાનો સમય આવી ગયો છે. મોદીએ ફરી એકવાર લોકોને મોબાઈલ મારફતે ડિજિટલ કરન્સીને પ્રોત્સાહન આપવાની વાત કરી હતી. ભોજપુરીમાં પોતાના ભાષણની શરૂઆત મોદીએ કરી કરી હતી અને કહ્યું હતું કે, કેન્દ્રની સરકારે નોટબંધીનો નિર્ણય માત્ર ગરીબોની ભલાઈ માટે લીધો છે. આ તમામ પૈસા ગરીબોની ભલાઈ માટે કામ આવનાર છે. અમે દેશને લૂંટનાર લોકોને છોડવા માંગતા નથી. ઈમાનદારીના મહાયજ્ઞમાં લોકો પીડા ઉઠાવીને પણ આહૂતિ આપી રહ્યા છે. આવનાર સમયમાં દેશ આ બાબતનો સ્વીકાર કરશે કે નિર્ણય કઠોર હતો પરંતુ ભવિષ્ય ખુબ જ ઉજ્જવળ છે. નોટબંધીને લઈને લોકોને થઈ રહેલી તકલીફોનો ઉલ્લેખ કરતા મોદીએ કહ્યું હતું કે, બિમારી દૂર કરવા માટે આપવામાં આવતી દવા હંમેશા તકલીફ ઉભી કરે છે. તેઓ ૫૦ દિવસનો સમય માંગી ચુક્યા છે. પ્રથમ દિવસે જ તેઓ કહી ચુક્યા હતા કે, લોકોને તકલીફ થશે. કારણ કે નિર્ણય પણ ખુબ મોટો છે. મોટા લોકોને મોટી તકલીફ થશે. નાના લોકોને નાની તકલીફ થશે. લોકશાહીમાં કોઈ એવો નિર્ણય લેવાની હિંમત કરી શક્યા નથી પરંતુ પ્રજાના આશીર્વાદથી આવો કઠોર નિર્ણય તેઓ લઈ શક્યા છે. ૫૦ દિવસ તકલીફ થશે. હજુ ૨૦ દિવસનો ગાળો થયો છે. લોકોનો મોદીએ ટેકો આપવા બદલ આભાર માન્યો હતો. પરિવર્તન રેલીમાં મોટી સંખ્યામાં એકત્રિત થયેલા લોકોને વડાપ્રધાને અખબારમાં પ્રકાશિત થયેલી સરકારી જાહેરાતને પણ મંચ પરથી દર્શાવી હતી અને કહ્યું હતું કે, આ જાહેરાતના કટિંગ દરેક દુકાન ઉપર લગાવી દેવામાં આવે તે જરૂરી છે. યુવા પેઢી અને ભાજપના કાર્યકરો આમા મદદ કરે તે જરૂરી છે. આસપાસના લોકોને મોબાઈલથી લેવડદેવડ કરતા સિખવાડવામાં આવે તે જરૂરી છે. નોટનો ઉપયોગ કાળા નાણા ધરાવનાર લોકોને કરે છે. અમે તેને સફળ થવા દઈશું નહીં. મોદીએ ઉમેર્યું હતું કે, ટેકનોલોજી એટલી સરળ થઈ છે કે, કે જે રીતે લોકો મોબાઈલ રિચાર્જ કરે છે. મોદીએ જુદા જુદા વિષય ઉપર વાત કરી હતી. તેમણે કહ્યું હતું કે, વોટ્સએપ મેસેજ ફોરવર્ડ કરવાની બાબત જેટલી સરળ છે તેટલી સરળ આ બાબત પણ છે. મોબાઈલ ફોન જ હવે બેંકની બ્રાંચ બની જશે તેવી આશા રહેલી છે.

ન્યુરોન દર બુધવારે ન્યુરોનના ન્યુરોફીઝીશીયન વિસનગર અને માણસામાં...
● વાઈ /ખેંચ ● લકવા ● માથાનો દુ:ખાવો ● કંપવા / ધ્રુજારી ● મણકાની તકલીફ / સ્પાઈનના રોગો ● ચક્કર
ડૉ. કમલ નાગર (DM ન્યુરોલોજીસ્ટ) ૯૮૨૫૮૪૭૫૮૬
ડૉ. ભાવેશ સોલંકી (DM ન્યુરોલોજીસ્ટ) ૯૭૨૬૦૭૭૫૮૬
સમય : વિસનગર : સવારે ૧૧ થી ૨ માણસા : બપોરે ૩ થી ૬
વિસનગર: બંસીધર સીટી સ્કેન સેન્ટર, ૫, વિસત કોમ્પલેક્ષ, શિર્ડીનગર સોસાયટી પાસે, મોર્ડન ઈંગ્લિશ સ્કૂલ પાસે, ધરોઈ કોલોની સામે, ખેરાલુ, અંબાજી હાઈવે રોડ. એપોઈન્ટમેન્ટ માટે સંપર્ક : મો : ૭૭૭૮૦૭૫૨૫૦
માણસા: બંસીધર ડિઝીટલ એક્સ-રે, સોનોગ્રાફી ક્લિનીક, ૬ પહેલો માળ, ભગવતી શોપીંગ સેન્ટર, માર્કેટયાર્ડની સામે, એસ.ટી.રોડ. એપોઈન્ટમેન્ટ માટે સંપર્ક : મો : ૦૨૭૬૩-૨૭૩૬૦૦
ન્યુરોન, નહેરુનગર ચાર રસ્તા, હનુમાન મંદિર સામે, આંબાવાડી, અમદાવાદ-૧૫.
મો : ૦૯૯૨૫૯૦૭૫૮૬ / ૦૯૮૨૫૦૦૭૫૮૬ / ૦૯૯૦૯૭૦૭૫૮૬

VAIBHAV FURNISHINGS INC.
RETAIL SHOWROOM & FACTORY OUTLET
તૈયાર પડદા 30% છૂટ
D'DECOR Live beautiful | DC TEX FURNISHINGS | HOMES | COPPER | Kurl-on PU FOAM | SPRINGFIT
દરેક પ્રકારના પડદા-સોફાનું કાપડ હાજર સ્ટોકમાં મળશે.
• SOFA FABRIC • CURTAIN FABRIC • WALLPAPER • FOAM • MATTRESSES • PILLOWS • BEDSHEETS
Time : 11 a.m. to 9 p.m.
8, SIDDHRAJ ZORI, SARGAASAN - G'NAGAR
09414119651, 09829719885, 09462597151
Time : 9.30 a.m. to 7 p.m.
E-174, ELECTRONOICS ESTATE, G.I.D.C., SECTOR 26, G'NAGAR
09462597151, 09414119651

HOT SPOT in HOT SEASON for FAMILY PICNIC
નિરવતાનો રવ...
bansari Greens
Managed by : rudraksh 98258 03299
Special Discount Packages for two Persons*
2 Night Stay @ Rs. 8,500+Tax (Monday to Friday) (Except Festivals)
2 Night Stay @ Rs. 9,500+Tax (Saturday-Sunday & Holidays)
Offer Includes Lunch - Hi-tea - Dinner & Morning Breakfast.
We also offer indoor - outdoor Games & Swimming.
* conditions apply
For Booking Call
Ashish Soni : 70690 96551
Biren Shrimali : 99249 31224
Hiren Mehta : 70690 96550
Nr. Grambharti, Gandhinagar-Mahudi Road, At. Aluva, Dist. Gandhinagar.
e-mail : info@bansarigreensresort.com, www.bansarigreensresort.com

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225